શ્રી

સ્નેહલતા.

નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

" સ્નેહ વિના માનવ તણું જીવન એળે જાય,
શુદ્ધ સ્નેહના યોગથી ભવસિંધુથી તરાય. "

શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ માટે

પ્રકાશક

પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા,

' શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ ' ના માલેક

હાલ મુકામ–જ્યોર્જ થીએટર, સ્ટેશન રોડ–સુરત.

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

વિક્રમાર્ક ૧૯૭૧. ઇ. સ. ૧૯૧૫.

મૂલ્ય બે આના.

સુરત, જુની મુંબઇ બેંકવાળા મકાનમાં આવેલા
'દેશી મિત્ર' એનજીન પ્રિન્ટીંગ પ્રેસમાં
મગનલાલ કીકાભાઇએ છાપ્યાં.

અમારા બે બોલ.

આ સમાજે જન સમાજપર નીતિની ઉચ્ચ છાપ પડે ને દરેક વ્યક્તિને પોતાના સંસારને સુધારવાનું કાંઇક શીક્ષણ મળે એવા શુભ હેતુથી ગયા ત્રણ વરસથી જે જે પ્રયાસ કર્યો છે તેનો પ્રેક્ષક વર્ગ તરફથી વ્યાજબી સત્કાર થયો જોઇને અમને સંતોષ ઉપજે છે.

જન સમાજને રૂચીકર થઇ પડે તેવાં સામાજીક નાટકની વિશેષ અગત્ય છે એમ સમજી, આ સમાજે આ એક નવા સાંસારીક નાટકની યોજના કરી છે. પ્રેક્ષક વર્ગને જો એમાંથી કાંઇ પણ સારૂં જોવાનું કે જાણવાનું મળશે તો સમાજનો શ્રમ સફળ થયો મનાશે.

વસ્તુની કીંમત આંકવી એ કામ ગ્રાહકનું હોઇ અમો બીજાઓ માફક ખોટાં બણગાં ફુંકવા માગતા નથી. આ નાટકમાં કાંઇ નથી, એવી ઇર્ષાળુ હરીફોની ચાલાક વાતોથી ખેદ પામતા નથી. પ્રયત્નમાં પાર ઉતરતાં આવરણો તો દરેકને આવેજ, પણ ધધાની હરીફાઇમાં કીર્તિ મેળવે તેજ સાચો. હરીફાઇને લીધે આડકતરાં આવરણો ઉભાં કરી હરીફને પાછો પાડવાની વાતને સાચું કે ખોટું દુનીઆ કેમ ટેકો આપે ? દુનીયા તો આયનો છે. જેવું રૂપ હશે તેવુંજ દેખાવાનું. પીતળને ઢાળ ચઢાવવાથી કાંઇ તેની કીંમત સોનામાં થવાની નથી એ દુનીયા તમામ જાણે છે.

વ્હાલા જોનાર ! તું ન્યાયાધીશ છે. સારૂ ખોટું તને તરતજ દેખાશે અને જો આ નાટકમાં તને કાંઇ સારૂં અને સંસારને સુધારવાનું ચિત્ર દેખાય તો ન્યાય ખાતર બોલજે કે "કસોટીમાં સાચું અને સારૂં હશે તેજ ટકી શકશે.

લી૰

સુરત–જ્યોર્જ થીએટર. } પ્યારેલાલ વિઠ્ઠલરાય મહેતા.

નાટકનાં પાત્રો.

પુરૂષ વર્ગ.

રમણ ... ...લુચ્ચા મિત્રોની સોબતથી ખુવાર થએલો એક શ્રીમંતનો પુત્ર, અને સ્નેહલતાનો વ્હેમી પતિ.

મધુકર ... ...પ્હેલાં સ્નેહલતાને પરણવાનો ઉમેદવાર, પણ સ્નેહલતાના લગ્ન પછી તેના તરફ ભાઇ તરીકે શુદ્ધ પ્રેમથી વર્તનાર.

હેમો ... ...રમણનો નીમકહલાલ નોકર.

નટવર ... ...ફોજદાર, સોનેરી ટોળીનો સરદાર.

કાળીયો... ...નટવરનો કુટિલ મિત્ર.

સુંદરલાલ ...નટવરનો મિત્ર, પણ પાછળથી ન્યાયનો મદદગાર.

નવનીતરાય ...સોલીસીટર, રમણનો મિત્ર

ગદાધર... ...એક અર્ધદગ્ધ શ્રીમત.

હરીશંકર ...ગદાધરનો મૂર્ખ પુત્ર.

ચામુંડરાજ ...ગદાધરનો જમાઈ.

એ ઉપરાંત બેલીફ, પોલીસના અમલદારો, નોકર, ચાકર વિગેરે.

સ્ત્રી વર્ગ.

સ્નેહલતા ...રમણની સુશીલ સ્ત્રી.

શાન્તા ... ...રમણની પુત્રી.

સરલા ... ...નટવરની સ્ત્રી.

શારદા ... ...સરલાની સહીયર.

ભાગીરથી ...ગદાધરની પુત્રી, ચામુડરાજની સ્ત્રી.

વીગેરે, વીગેરે, વીગેરે.

સ્નેહલતા

નાટકનો પ્રવેશાનુક્રમ સંક્ષિપ્ત સાર.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો.—સ્નેહલતા પોતાના વ્હેમી સ્વભાવના, ભોળા અને કુચ્છંદી મિત્રોના સહવાસથી દુરાચારમાં ધસડાતા પતિ રમણની રાહ જોતી બેઠી છે. એટલામાં મધુકર મળવા આવે છે; આ મુલાકાતની બન્નેની નિર્દોષ વાતો ચાલતી હોય છે એટલામાં રમણ આવે છે, અને પોતાની ગેરહાજરીમાં થયેલી આ મુલાકાતથી તેના હૃદયમાં શંકા પેદા થાય છે. પોતાની સુશીલ પત્નિને રમણ અસહ્ય વાક્ય બાણથી વીંધે છે, અને મધુકરને તુચ્છકારી કાઢે છે. મધુકર ચાલ્યો જાય છે. પણ વેગના આવેશમાં પોતાની લાકડી તથા ટોપી ભૂલી જાય છે. મધુકરના ગયા પછી સુશીલ સ્નેહલતા પોતાના પતિને પોતાની નિર્દોષતા સિદ્ધ કરી આપવા ઘણી ઘણી રીતે વીનવે છે, અને રમણનું મન કોઇ પણ રીતે મનાવે છે. શાન્ત થયેલો રમણ સુવા માટે જાય છે, તેટલામાં મધુકર પોતાની રહી ગયેલી ટોપી તથા લાકડી લેવા માટે ફરીથી આવે છે, અને દુઃખી હૃદયના બે બોલ કહેવા માટે પળવાર ઉભો રહે છે. ફરીથી આ પ્રમાણે બન્નેને છાની રીતે વાત કરતાં રમણ જોઇ જાય છે. આગમાં ઘી હોમાય છે. રમણ ઉશ્કેરાય છે. અને મધુકર ઉપર તમંચો ઉપાડવાની તૈયારી કરે છે. સ્નેહલતા રમણને તેમ કરતાં અટકાવે છે. મધુકર નાસી છૂટે છે, ને રમણ તેની પાછળ દોડે છે.

પ્રવેશ ૨ જો.—ટ્રૅજિક—" નાના રત્ના વસુંધરા " સુત્રને ખોટું માનનારો ગદાધર પોતાની જુવાન પુત્રી ભગીરથી માટે કોઇ લાયક વર મળતો નથી તેનો બળાપો કરે છે; તેવામાં તેનીજ જાતનો તરૂણ વયનો ચામુડરાજ તેને મળવા આવે છે. ગદાધરની પુત્રીને લાયક આ દુનિયામાં કોઇ પણ વર છેજ નહીં એવી વાત સાંભળી ચામુડ અજાયબ થાય છે, ને પોતે તેની પુત્રીને કોઇ પણ યુક્તિથી પરણવાનો નિશ્ચય કરે છે.

પ્રવેશ ૩ જો.—નટવર કાળીઓ અને સુંદર ત્રણે રંગરાગમાં મશગુલ છે; તેટલામાં મધુકર આવે છે, તેની સામે ખાલી દમ બતાવવા ખાતર કાળીઓ મશ્કરીમાં પીસ્તોલ ધરે છે. પરંતુ કર્મ સંજોગે કમાન છટકી જવાથી ગોળી છૂટી મધુકરને વાગે છે, અને તેનું મરણ થાય છે. ત્રણેનો ગભરાટ, નટવર તેમને શાન્તિ આપે છે, અને આ ખૂન કાળીઆને હાથે નહી, પણ રમણને હાથે થયું છે એવી યુક્તિ બતાવે છે. એટલામાં મધુકરની પાછળ દોડેલો રમણ હાથમાં પીસ્તોલ લઇ મધુકરને મારવાના વિચારથી આવે છે. ચંડાળ ત્રીપુટી રમણને ક્લૉરોફૉર્મથી બેહોશ કરી ,ખાલી કરેલી એક પીસ્તોલ રમણના હાથમાં મુકી તેની પાસેનું ઝવેરાત લૂંટી નાસી જાય છે. શુદ્ધીમાં આવતાં રમણ પોતાને આ હાલતમાં જોઇ ભયભીત થાય છે. મધુકરનું ખુન થયેલું જોઇ, એ આરોપ પોતાની ઉપર આવશે એવા ભયથી રમણ ગભરાઇ જાય છે, અને શહેર છોડી નાસી જવાના ઇરાદાથી ઘર તરફ જાય છે.

પ્રવેશ ૪ થો.—કૉમિક—સ્ત્રી વેશે ચામુંડરાજ, ગદાધરની પુત્રીને મળવા માટે આવે છે, અને પોતાને ચામુંડરાજની બ્હેન તરીકે જાહેર કરે છે. બન્નેનો વાર્તાવિનોદ. ગદાધર સ્ત્રીવેશધારી ચામુંડરાજની ખૂબસુરતીથી ખુશી થઇ તેના પુત્રને આવી વહુ .મળે તેવી ગોઠવણુ કરે છે.

પ્રવેશ ૫ મો.—સ્નેહલતા, વફાદાર નોકર હેમો તથા રમણની પુત્રી શાન્તા, એ ત્રણે જણુ રમણનુ શું થયું હશે તેનો વિચાર કરતાં બેઠાં છે. તેટલામાં પોતાને ખૂની તરીકે માનતો રમણ ગભરાતો ગભરાતો દાખલ થાય છે. અને સ્નેહલતાને મેં ગુસ્સામાં મધુકરનું ખૂન કર્યું છે એવું જાહેર કરે છે.અને ન્હાસી જવાને તૈયાર થાય છે. પરદેશમાં જવા માટે જોઇતા પૈસા રમણ સ્નેહલતા પાસે માગે છે પણ રમણની ખરાબ ચાલે ઘરમાં એક પાઇ પણ ન હોવાથી બન્ને લાચાર થાય છે. માલીકની મુસીબત વખતે વફાદાર નોકર હેમો પોતાની કમાણીની પાઇ પાઇ સાચવી રાખી એકઠું કરેલું પોતાનું તમામ ધન પોતાના માલીકને આપી વફાદારીનો ઉત્તમ પૂરાવો સાબીત કરે છે. રમણ પરદેશ પ્રયાણ કરે છે.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો—કાળીઆની માલેકીનાં ઘરમાં ભાડે રહેતી દુઃખ માં દબાઇ ગએલી, સ્નેહલત્તા પાસે ભાડાની ચઢી ગયેલી રકમ વસુલ કરવાની કાળીઓ ધમકી આપે છે. સ્નેહલતા પાસે પૈસા ન હોવાથી તે કાળીઆને વિનવે છે. કાળીઓ કહે છે કે 'આ પૈસા નટવરને આપવાના છે માટે નટવરનું મન સંપાદન કરો તો મને વાંધો નથી.' સ્નેહલતા નટવરને સમજાવવા જાય છે.

પ્રવેશ ૨ જો—કૉમિક,–ભગીરથી અને ચામુંડરાજની નિર્દોષ ગમ્મત જોઇને ગદાધર વ્હેમાય છે ને ચામુડરાજને મારવા તૈયાર થાય છે; તેવામાં ચામુડરાજ ચામુડા તરીકે ઓળખાઇ જાય છે, ને ગદાધર ભેદ ન સમજવાથી શરમાઇને ચાલ્યો જાય છે. હરિશંકરના લગ્નની તૈયારી.

પ્રવેશ ૩ જો—નટવરનું ઘર–ભાડું વસુલ કરવાની ઉતાવળ ન કરવાની વીનવણી કરવા સ્નેહલતા આવે છે. નટવર પૈસાના બદલામાં પ્રેમની માગણી કરે છે. સ્નેહલતા તેને ધિક્કારે છે. કાળીયો આવે છે, અને સ્નેહલતાને બીજી રીતે ફસાવવાની યુક્તિ રચે છે.

પ્રવેશ ૪ થો—કૉમિક–ગદાધરના મૂર્ખ પુત્ર હરિશંકરની મૂર્ખતા, ચામુડરાજ સાથે લગ્નની વાતચીત. ચામુડરાજ પ્રથમ પોતાનાં લગ્ન થયા પછી પોતાની બ્હેનને પરણાવવાની શરતે લગ્નની કબુલાત આપે છે. ગદાધર, ભગીરથી તથા ચામુડરાજનાં લગ્ન કરી આપે છે. લગ્ન થયા પછી ચામુંડરાજ પોતાનો ભેદ માત્ર ભગીરથી પાસેજ ખુલ્લો કરે છે. બન્નેનો આનંદ.

પ્રવેશ ૫ મો—અનહદ દુઃખ વેઠી, પરદેશમાં જઇ, ધંધારોજગારથી લક્ષાધીપતિ થએલો રમણ પોતાના કુટુંબની ખબર લેવા આવે છે. પોતાની ધર્મપત્નિ સ્નેહલતા તથા શાન્તાને દયાજનક દશામાં જોઇ તેનું હૃદય દુઃખથી છવાઇ જાય છે. પોતે માત્ર પોતાના વફાદાર નોકર હેમા પાસેજ જાહેર થાય છે; અને પોતાની સ્ત્રીને છૂપી રીતે દરેક જાતની મદદ આપે છે. કાળીઓ કૉર્ટમાંથી જપ્તિ મેળવીને ઘરની દરેક ચીજ જપ્ત કરે છે. દુઃખી કુટુંબની દયાજનક સ્થિતિનો ચીતાર. કાળીઆની અધમતાથી પ્રભુ સ્નેહલતાને બચાવે છે.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—નટવર તથા તેના મિત્રો સ્નેહલતાને ફસાવવાનો નવો પ્રપંચ રચે છે. તેને એક પર્વતની ગુફામાં ઉપાડી જવાનો ઠરાવ કરે છે. કાળીઓ શાન્તાને ઉપાડી લાવવાનો તાગડો રચે છે. આ બધી હકીકત ભીખારી વેશમાં ઉભેલો રમણ સાંભળે છે. અને પોતે પોતાના કુટુંબને બચાવવા ખાતર લુચ્ચાઇથી તેમની પાસે નોકરી માગે છે. નટવર તેને મૂર્ખ સમજી ગુફામાં ઝાડુ વાળનાર તરીકે રાખે છે.

પ્રવેશ ૨ જો—વફાદાર હેમા મારફતે છૂપી મદદ મળવાથી સ્નેહલતા વ્હેમાય છે. અને તેને પૈસા કયાંથી લાવે છે એમ પૂછતાં હેમો પોતાના શેઠ રમણની વાત જાહેર કરી શકતો નથી. તેથી સ્નેહલતાને શંકા થાય છે કે, વખતે હેમો પણ નટવરને મળી ગયો હશે ને મને ફસાવશે. આવી શંકાથી સ્નેહલતા હેમાને ધિક્કારે છે. નટવર આવીને આ તકનો લાભ લઇ, આ પૈસા મારા છે, ને હેમો મારા પૈસાથીજ તમને સુખી રાખે છે, એવું કહી બન્નેમાં કુસંપનો

અગ્નિ સળગાવે છે. હેમો નટવરને મારવા દોડે છે. નટવર નજર ચૂકાવી બાજુ ઉપર છૂપાઇ જાય છે ને હેમો પાછળ દોડે છે. નટવર હેમાને ભૂલ ખવરાવી સ્નેહલતાને બેભાન કરીને ઉપાડી જાય છે. પાછળથી કાળીઓ શાંતાને ફોસલાવીને લઇ જાય છે.

પ્રવેશ ૩ જો—કોમિક–સ્ત્રી વેશે ચામુંડરાજનાં. હરિશંકર સાથે લગ્ન. ભેદ ફૂટી જાય છે, ને હાસ્ય વિભાગની પૂર્ણાહુતી.

પ્રવેશ ૪ થો—ગુફા–સ્નેહલતા ઉપર નટવરનો અતિશય જુલમ જોઇ સુંદરલાલને દયા આવે છે, ને પોતે પોતાના મિત્ર નટવરથી બદલાઈ જાય છે. રમણ પ્રસંગનો લાભ લઇ સુંદરલાલને પોતાના પક્ષમાં લે છે. કાળીઓ શાન્તાને લાવે છે. નટવર સ્નેહલતા પાસે પ્રેમ માગણી કરે છે. સ્નેહલતાનો વજ્રમય ફીટકાર. સ્નેહલતા નટવરની માગણીનો ઇનકાર કરે છે, તેથી નટવર શાન્તાને મારવા તૈયાર થાય છે. રમણ સુંદરલાલની મદદથી તેમને બચાવે છે.

પ્રવેશ ૫ મો—હેમો નવનીતરાય સોલીસીટરને, પોતાના શેઠ રમણે આપેલાં કાગળીઆં આપે છે. નવનીતરાય પોલીસનો બંદોબસ્ત કરે છે. ગુફામાંથી નાસી છૂટેલા કાળીઓ અને નટવર આવે છે. સુંદરલાલ નવનીતરાય સાથે મળીને બન્નેને પકડાવે છે. કાળીઓ ઉશ્કેરાઇને સુંદરલાલ ઉપર તમંચો છોડે છે. પણ સુંદરલાલ ચાલાકીથી બચી જાય છે, નટવર તમંચાનો ભોગ થઇ પડે છે. કાળીયો નાસવાની તૈયારી કરે છે. પણ પોલીસથી પકડાઇ જવાની બ્હીકે પોતે પણ આપઘાત કરે છે. નટવર મરતાં મરતાં પોતાના પાપ જાહેર કરે છે. રમણ નિર્દોષ ઠરે છે.

પ્રવેશ ૬ ઠો—સ્નેહલતાના સુખી સંસારનું ચીત્ર. ધર્મનો જય અને પાપનો ક્ષય. આનંદ સાથે નાટકની પૂર્ણાહુતિ.

શ્રી ગણેશાયનમઃ

સ્નેહલતા નાટકનાં ગાયનો.

(૧)

સુત્રધાર- ગાઓ ગાઓ ત્રીભુવનપતિ ગુણ ગાઓ
મંગલ મહિમાનો લ્યો લ્હાવો;
ધર ધર ભક્તિભાવ છવાઓ —ગાઓ.
જ્ઞાન સુધા પાન પાઇ;
તાત ! જીવન પોષી;
જગ જન પરમ ધરમ તણી,
રતી ઉર રેલાવો—ત્રીભુવન.

(૨)

બાળાઓ- મહિમા છે મોટો સતીનો સાહેલડી (૩)
અમરાપુરીની અમર સુખ વેલડી (૩) મહિમા.
શીળવંતી પતિતણા ચરણે ચીત્ત રાખે;
કુળવતી મુખથી અસત્ય ન ભાખે;
પતીના ગુણગાને સદા બને ઘેલડી (૩) મહિમા.
સ્વર્ગ સમો સુંદર બનાવે સંસારને;
પુણ્યવતી પ્રમદાઓ પાળી સદાચારને;
અજ્ઞાની શું જાણે એરંડો કે શેલડી (૨) મહિમા.

(૩)

સ્નેહલતા-હાંહાંરે મન તું ચીંતા શીદ કરે ?
અનહદ ઉપકારો ઇશ્વરના,
જીવો પર છે જો ધારી.
સુખે કે દુઃખે જન એના નામે તરે—હાંહારે.
કર્મ પ્રમાણે સર્વ જનોને પરમેશ્વર પોષણ દેતા,
પાપી કે હો પુન્યશાળી પણ રહેમી સહુપર સમ રહેતા
ત્રિભુવન ત્રાતા, છે સુખ દાતા,
કરૂણા સાગર, નટવર નાગર, છે રે શ્રી હરી.
દીનબંધુ થઇ દુઃખ સર્વ હરે—હાંહાં.

(૪)

શાન્તા- શું સ્વપ્ન ભયંકર મુજને ભાસ્યુ ! સુણતાં ઉપજે ત્રાસરે;
ગઇ ગભરાઇ જાગી જોયું તો શૂન્ય જગત ચોપાસરે.
ભયની ભરી (૨) જોઉં ફરી (૨)
ત્યાં નાદ ગેબી અંતર અકળાવે ખાવા ધાય આવાસરે—શું
દીપક સહુ રાણા થયા, કરમાયો લીલો બાગ,
આપણા આ મહેલમાં કળકળ્યા કાળા કાગ;
ગરજે ગગન ગંભીર, દમકે દામીની દુઃખભાર;
એ પ્રલયરૂપ તોફાનમાં થયો આપણો સંહાર.
જોઇ વીચીત્ર ચીત્ર અમાપ,
ઉપજ્યો ઉરમાં પરીતાપ;

સ્નેહ -એ ચીત્ર કલ્પનાનાં સહુ ખોટાં,
શાંતી કરે શ્રી નિવાસરે................શું.

(૫)

સ્નેહલતા-સંસારે સ્ત્રી સુખનો ભંડાર છે.
ભવસીન્ધુમાં નૌકા તારણહારજો
શ્યામા વિણુ સંસારે પુરૂષ સુર વિના જેમ ગાનજો;
યૌવન વિણુ જેમ નારી શોભે, વિના સઢ જેમ વ્હાણ.
સાચે સન્નારી સૃષ્ટીનો શણુગાર છે
ચદ્ર વિના જેમ રજની શોભે, સુગંધ વિણુ જેમ ફુલજો,
પહેલ વિના હીરાનું મૂલ નહીં હોય ભલે અણુ મલ.
અમૃત આખર એ સદા અમર કરના છે,
સુખમાં સાથે વીધ વીધ રગે રીઝવે છે ભરથારજો.
દુ ખમા સતીઓ પડતા ઘરને છે ટેકો દેનાર,
રમણી રસભર એ જીવનનો આધાર છે.

(૬]

ભગીરથી- ખીલ્યા શા રંગ બેરગી ફુલડાં,
દિલરગી છે સુગંધી,
રગીરે મીષ્ટ સુવાસી ફુલડાં—ખીલ્યાં.
ખીલી ફુલવાડી મારી, રૂડી રસાળી,
મળે જો દરદી (૨) માળીરે.
મૂલ સમજે આ ફુલના—ખીલ્યા.
ભોગી ભ્રંગ મળ્યો નહીં રસરાગી,
ગઇ કરમાઇ ને સુકાઇ.
બાઇરે કહું કોને એ દુ:ખડાં—ખીલ્યાં.

[૭]

ચાસુંડરાજ-બનું હું ચંચળ ચપળા ચીતહર નખરાળી;
લટકે મટકે ચાલું જાણે લટકાળી;

આખી આલમને નચાવું દઇ તાળી.
સજી શણગાર મનોહર સારા, જાણે મદમાતી કોઇ દારા,
મારૂં હું નયનોનાં બાણુ, પરવશ કરૂં પ્રેમીનાં પ્રાણુ;
દઉં હું ખૂબ મચાવી ધૂમ, ચાલુ રૂમઝુમ છૂમ છૂમ છૂમ:
રૂમ ઝુમ છૂમ; (૨) બનું.

(૮)

નાયકા– ખૂને જીગરકો પીતે હર્ય બસ ગમમેં તેરે યાર.
મર્ય છૂપકે છૂપકે રોતી, મુંહ આંસુઓસે ધોતી;
વો કહાં ગયો મેરા મોતી;
મોતી બીના નહીં સોતી બસ ગમમે તેરે યાર.
તેરી નજર જો મુઝસેં લડ ગઇ,
મર્ય પલંગસે નીચે પડગઇ.
કહાં દેખુ મેરે પ્યારે;
બીરહાકી મારી મરગઇ બસ ગમમે તેરે યાર—ખૂને

(૯)

ચામુડ (સ્ત્રી વેષે)– ફેશન કેવી પોઝીશનની, રૂપ શું દેખાય ?
નારી કે હું નર છું એ નહીં કોઇથી કહેવાય.
લોકો ભૂલ ખાય-દીવાના થઇ જાય.
લટકાં મટકાંથી ચાલું તો સૌનાં મન ચળી જાય,
સ્ત્રીઓ મુજને સ્ત્રી સમજીને ભેટવા લલચાય.
નર સઘળા જો નારી થઇને સ્ત્રી મંડળમાં જાય
શંકા કોઇ કરે નહીં જરીએ ગોટાળા બહુ થાય.

(૧૦)

ભાગીરથી– અનંગ રંગ અંગે અંગે શો છવાયે ?
દીલ દીવાનું થાયે, મસ્તાન મન મુંઝાયે–અનંગ.
ચીત્ત આ ચડયું ચાળે;
દિન રાત પ્રેમદાહ દીલડાને બાળે.
દર્દ મીઠુ મીઠું મને થાયરે–હાયરે–અનંગ.

(૧૧)

ચામુંડ (સ્ત્રી વેષે)– મન હરી લીધું કાન કુવરજી મનડુ હરી તેં લીધું.
મનડું હરી તો લીધું. (૩)
મોહન તારી મુરલીએ તો જાદુ કીધું,
મને તો જાદુ કીધુ, મને તો જાદુ કીધું.
કાળજડું મારૂ તે તો કોરી લીધુ;
ચીતડુ ચોરી લીધું, તેં તો જાદુ કીધું.

(૧૨)

ગદાધર– બનાવું હુ બોલાવીને એને હવે;
મોહાવું લોભાવું મારી પુત્રીના રૂપે.
એ રંગીલી જોડી, ખુંધી અને ખોડી,
જમાવું હું તાલ ખરો,
સ્વાર્થ સાધું હુ પછી ભલે જીવો મરો.

(૧૩)

સ્નેહલતા– નટવર અમપર તું કરજે નજર દયા ભરી;
દીન જનોના દોષ દયાનીધી દેવ દૂર કરી;
સહુ તાપ, ઉત્તાપ, સંતાપ હરી;

સુખ કર સુખમાં સ્થાપો;
તાપ ત્રીવિધના કાપો-દીન—નટવર.
કરૂણાકારી—સંકટ હારી;
ભવ ભય હારી-મોરલી ધારી;
વિનતી ઉરે ધરી......સહુ—નટવર.

(૧૪)

સ્નેહલતા-: શરણ એક હવે આપનું છે શ્રી હરી રે.
શ્રી હરી, શ્રી હરી, શ્રી હરી રે......શરણ.
એલી બળવંત બાપ ! બાંહ્ય ગ્રહો મ્હેર ધારી;
બીરદ બતાવી પ્રભુ વીપતિ દેજો વિદારી;
કરૂણાના સીંધુ આપકહાવો કુશળકરાણી;
તરણી તારો, તારણહાર તાત ! રહી તણાણી.
વ્હારે આવો વ્રજ કુંજના વિહારી......શરણ.

(૧૫)

સ્નેહલતા-જાઓ વિપત વખતમાં નાથ શાને આમ તજી ?
શાંતા- જાઓ નહીં બાપુ તરછોડી અમથી નહીં રહેવાય;
રમણ- દુ:ખમાં ધીરજ ધરવી, બેટા ! કુદરતનો એ ન્યાય-જાઓ.
શાંતા- લેશે નહીં સંભાળ અમારી તમ વિણ કોઇ લગાર;
રમણ- શ્રી હરી લેશે ભાળ તમારી અનાથના આધાર-જાઓ.

(૧૬)

સ્નેહલતા-શ્રીધર ભૂધર દીનદયાળુ, દુ:ખીયાંના છો બેલીરે.
શરણ બીજાનું રહાવું શાને ? જગના સ્વામિ મેલીરે-શ્રીધર.
દોરી હરીને હાથે જગતની રચના રમ્ય રચેલીરે;

નટ નાયકના દોરે જગજન ખેલ રહ્યાં સૌ ખેલીરે-શ્રીધર.
વિધ વિધ રંગી ખેલે બાજી પાપ કે પુન્ય ભરેલીરે;
પુન્યને પથે પરવરતા જે જાણે મુસાફરી છેલીરે.-શ્રીધર.

(૧૭)

શાંતા- સાડી સોનેરી લાવો.
હેમો— (ઓ દાદલીઆ)
શાંતા- કંકણુ હીરાથી મઢાવો;
હેમો— (ઓ બાપલીઆ)
શાંતા- (ઝટપટ ઝટ મંગાવોને)
હેમો— (ધીરાં બચુલાં થાઓને)
શાંતા- (કાકા હજી પુરૂ સાંભળી તો લ્યો)—સાડી.
(હાર મોતી તણો)
હેમો— (હા બા હા ખોટા હીરા તણો)
શાંતા- (ભલે બનાવો મને ચીડાવો) (રડે છે)
હેમો— ઉ......
નારે ના મા નારે ના
રડ નહીં રડ નહીં બાપુડી
તે કીધું તે સઘળું લાવીશ
શાંતા- (તો તો ઠીક) (૨)
હેમો— (હસવાનું)......................સાડી.

(૧૮)

ભાગીરથી- છોડો છોડો ગઇ હારી હું તો હાય;
ચામુંડ— પતળી કમર આહ ! નાજુક ઉમર વાહ !

ભાગીરથી- ઓહ હાય હાય હાય હાય..............છોડો.
કંઇ કંઇ થાય મારૂં કાળજું કોરાઇ જાય;
હૈયું હરખાય, વળી મનડું મુંઝાઇ જાય,
ચામુંડ— ઉરમાં ચાંપું, શાંતી આપું.
ભાગીરથી- હું શરમાઉં, ને હરખાઉં,......હાય......છોડો.

(૧૯)

ભગીરથી-ડાહ્યાં ડમરાં ભોળાંઇ છે રૂપાળાં.
ચામુંડ- 'કાલાં ઘેલાં કેવાં નણુદી લટકાળાં,
ભગીરથી-પુરૂષ તણો પહેરીને જામો,
ઠીક જમાવ્યો રંગ.
ચામુંડ- રગત રમશું રહેજો સંગે.
ભગીરથી-બન્યા તમારા ઢંગ-કાલાં-ડાહ્યાં;

(૨૦)

સરલા- સંસારે સુખ પામેરે ધન્ય ભાગ તેનાં.
સ્વર્ગ તણાં સુખ દેનારી છે સતીને પતિની સેવા;
પતિને સતીથી સદાય મળતા મીઠા મુક્તિ મેવા;
સંસાર પામે એવોરે પુરાં પુન્ય જેનાં—સસારે
લ્હાવા લેવાને દેવા, પુરૂષાર્થ સાધી લેવા;
જે ધર્મ નીતિ સંભાળેરે અહોભાગ્ય તેનાં-સંસારે.

(૨૧)

નટવર- આવો આવો આવો માનો,
રામા એ રસીલી હવે નવ તરસાવો;
સ્નેહ- જાઓ દુર થાઓ... ... ...આવો.

નટવર- માનો પ્યારી
સ્નેહ- દુર અવિચારી,
મુખ દુર્મતિ વિચાર, વિષ સમાન અન્ય નાર;
નટવર- વિમળ હૃદયથી શશીવદની સુશીલ,
સ્વીકાર કર પ્રિય મારો.
સ્નેહ- જા હેવાન,
નટવર- પ્યારી માન. ... ...આવો

(૨૨)

નટવર-કળબળ કરી, કંઇ યુક્તિ કરી;
દઉં એને ફસાવી હું લાગ ધરી.
કરૂ વશ હું કુટીલ પ્રદથી;
કરી છળ પ્રપચ રગથી;
પુરી જાળ બીછાવી ચાલાકીથી આજ,
ઇચ્છા લઉં સહુ પૂરી કરી—કળ બળ.

(૨૩)

હરિશંકર- હ હ હું અક્કલનો ક્યાં અંધો છું;
પુરો ખોડીલો ખધો છું;
અક્કડ એવો ફક્કડ છું;
જક્કડ જબર ઘન ચક્કર છું,
રૂપે રૂડો છું હું ભારી, મોહી પડે જોઇ નારી,
છેલછબીલો છું અલબેલો કાલો ઘેલો હા હા હા,.
હું ઘરનો છું ઘેટો, નહીં અક્કલથી છેટો;
આ વડ તેવો ટેટો, ગદાધરનો બેટો—હું.

(૨૪)

ભગીરથી- વાહ રંગીલા રસઘેલા, અલબેલા છેલ છકેલા.
ચામુંડ— ઉર એક થયાં બન્નેનાં, પોપટને મળી ગઇ મેના.-વાહ રંગીલા.
ભગીરથી- મોહનવર મારા સુજાણ છો... ... ...વાહ વાહ.
ચામુંડ— અલબેલી અંતર આરામ છો... ... ...વાહ વાહ
ભગીરથી- (મન માન્યા પ્રીતમને પરણી સુખડાં લેશું માણી)
ચામુંડ— (અમન ચમન કરશે આન દે શેઠ અને શેઠાણી)—વાહ રંગીલા

(૨૫)

હેમા- સતી તે નારી જે શીયળ સદા સંભાળે,
જે શીયળ સદા સંભાળે, જે ધર્મ નીતિને પાળે.—સતી.
દુરાચાર દ્રષ્ટે નહીં દેખે ચહે સદા કલ્યાણ;
પતિના સુખ માટે પોતાના પાથરતી જે પ્રાણ—સતી.
સુખ કે દુઃખમાં સદાય પતિની છાયા થઇ ફરનારી;
પરમેશ્વરસમ પુજે પતિને ઉભય કુળ દે તારી—સતી.

(૨૬)

રમણ- શામળીઆ શરણુ તમારૂ રે રાધા શ્યામ,
કાનમાં કુંડળ, ગળે વનમાળા;
દરશનથી દ્રગ ઠારૂરે રાધા શ્યામ—શામળીઆ.
શ્રી ઘન સુંદર, અનુપમ પ્યારૂં;
નિરભય નામ તમારૂંરે રાધા શ્યામ—શામળીઆ.

(૨૭)

સરલા- ધન્ય નાર તે જગમાં જાણો,
પ્રેમે પતિ ભજનારી... ... ...ધન્ય.
સદાય સુખ કે દુઃખમાં પ્રેમે,

બને સ્વામીની સહચારી ... ...ધન્ય.
સ્ત્રીનું સાચું દૈવત સ્વામી;
વાતો અન્ય છે નકામી;
એવો ધર્મ ધારનારી;
જગમાં અમર થાનારી, ...ધન્ય.

(૨૮)

શાંતા— માતાનું મુખ જોઇ બાલક મલકાય;
બાલક મલકાય માનું હૈયુ હરખાય—માતાનું
દેખીને ગાય જેમ વાછરડાં દોડે,
દોડી છુપાય તેમ બાલ માત સોડે;
અકે ભરાય ઉર શાન્તી પથરાય—માતાનું
બાલકને જોઇ માત કાલી ઘેલી થાયે,
હસતું મુખ માનુ જોઇ બાલક ખુશ થાયે;
દુઃખી દેખે તો એનુ દીલડું દુભાય—માતાનું

(૨૯)

શાંતા— માધવ હવે આશરો એક તારો.
પ્રભુ મારો કે ઉગારો,
મોહન મારો કાં તો તારો—માધવ
શરણુ પડયા સહુ અમે તમારે;
ઓથ આપની એક અમારે;
અન્ય કોણુ ઉગારે ?
તું વિણુ અન્ય કોણુ ઉગારે ?
વિઠ્ઠલ એ વિચારો—માધવ.
શામળીઆ શું છો રીસાયા ?
કે વિસારી દીધી માયા ?
જાયા જશોદાના-(૨)
દારૂણુ દુઃખ નિવારો-માધવ.

(૩૦)

સ્ત્રીઓ- રથમાફા શણગારો પાલખડી;
અજબ બન્યા વરરાજારે સામૈયું રે આપે.
રથ માફા શણગારોને હાથી;
અજબ બન્યા વરના સાથીરે. સામૈયુંરે આપે.
રથમાફા શણગારોને ઘોડા;
અજબ બન્યા વરના જોડારે, સામૈયું રે આપે.

(૩૧)

નાયકાઓ- જોબન રસ ભર્યું લૂટો દીલદાર,
ઝીલો ઝીલો સુધારસ યાર-લૂટો-જોબન.
હું મદઘેલી ને નવલી,
પૂર બ્હારે ખીલી રહેલી.
કુસુમ કળી નીરધાર-લૂટો-જોબન.

(૩૨)

ચામુંડા- પ્રીતમજી છોડીદયો છેડલો મુકોને કેડલો,
આઘા રહો આઘા અલબેલડા.
હરિશંકર-દીધા છે રોકડા ખણખણતા દોકડા,
તુજને પરણવાને પ્યારી.
ચામુંડા- બેરીના લોભે બેનીને, ભાઇએ
ઉંડા કુવામા ઉતારી.
હરિશંકર-જો તું રડીશ તો, હું પણ રડીશ હો.
છાની રે છાની રે વ્હાલી ... ...પ્રીતમજી.

હરિ-ભાગીરથી
ગદાધર-ચામુંડ } (૩૩)

પેટ ચોળી ઉપજાવ્યું શુળ, ખુબ નાંખી ઘોળામાં ધૂળ;
વીણવા દોડયા સુંદર ફુલ, ભાંગી કરમે મોટી શુળ.
ત્રણ સાંધતાં તુટયા તેર, હાથ વેંતનો ન મળ્યો મેળ,
ફર્યો બળધીયો ઘાણી ફેર, તલમાંથી નવ નીકળ્યું તેલ.